પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૭ | ૭ એપ્રિલ, ૨૦૧૮, શનિવાર ; ચૈત્ર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રક્ષા મંત્રાલયની બેવસાઈટ હેક

રક્ષા મંત્રાલયની વેબસાઈટ કોઈએ હેક કરી લીધી છે. વેબસાઈટના હોમ પેજ પર ચીની ભાષાના શબ્દો દેખાઈ રહ્યા છે.

### દિલ્હીમાં ધૂળની આંધી

દિલ્હીમાં અચાનક જ મોસમમાં બદલાવ આવ્યો હતો. અચાનક જ ધૂળભરી આંધી ફૂંકાતા અંધારૂ છવાઈ ગયુ હતુ. વાહનચાલકોને તકલીફોનો સામનો કરવો પડ્યો હતો.

### બેંકોના સીઈઓને હમણાં બોનસ નહી

બેંકોમાં એક પછી એક થઈ રહેલા કૌભાંડો મામલે આરબીઆઈએ ત્રણ પ્રમુખ પ્રાઈવેટ બેંકોના સીઈઓના બોનસ પર રોક લગાવી દીધી છે. જેમાં ચંદા કોચર પણ સામેલ છે.

### ઓનલાઈન ન્યૂઝ પર સરકાર રાખશે નજર

ફેક ન્યૂઝ મામલે દિશાનિર્દેશો પરત ખેંચ્યા બાદ માહિતી અને પ્રસારણ વિભાગે એક કમિટી બનાવવાનો નિર્ણય લીધો છે. જે સમાચાર પોર્ટલ અને મીડિયા વેબસાઈટ માટે નિયમો બનાવશે અને ઓનલાઈન ન્યૂઝ પર નજર રાખશે.

### યુએનએ આતંકવાદીઓનુ લીસ્ટ જાહેર કર્યુ

સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા આતંકવાદીઓ અને ચરમપંથીઓનું નવુ લીસ્ટ જાહેર કરાયું છે. જેમાં દાઉદ ઈબ્રાહીમ અને હાફિઝ સઈદ સામેલ છે.

# આજથી IPLનો ધમાકેદાર પ્રારંભ

**૬૦ ટ્વેન્ટી મેચ રમાશે : દેશભરમાં કરોડો ક્રિકેટ ચાહકોમાં જોરદાર ઉત્સાહ ફેલાયો : છગ્ગા-ચોગ્ગાનો વરસાદ થશે**





મુંબઈ,તા.૬

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૧ની આવતીકાલે રોમાંચક અને દિલધડક વાતાવરણમાં શરૂઆત થવા જઈ રહી છે. હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૧નો પ્રથમ તબક્કો આવતીકાલથી શરૂ થઈ રહ્યો છે.આઈપીએલની મેચો આવતીકાલે સાતમી એપ્રિલના દિવસે શરૂ થયા બાદ છેક ૨૭મી મે સુધી ચાલનાર છે. કરોડો ચાહકોમાં ભારે રોમાંચની સ્થિતી જોવા મળી રહી છે. ચેન્નાઈ સુપર અને રાજસ્થાન રોયલ્સ ટીમની આઈપીએલમાં ફરી એકવાર વાપસી થઈ છે. વર્ષ ૨૦૧૩ના આઈપીએલ બેટિંગ કેસના મામલે તેમના સંબંધિત માલિકો સામેલ રહ્યા બાદ આ બન્ને ટીમો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. બે વર્ષના પ્રતિબંધ બાદ આ ટીમો પરત ફરી છે. ડીઆરએસ સાથે આ પ્રથમ સિઝન રહેનાર છે. સ્ટાર સ્પોર્ટસે તમામ મિડિયા અધિકારો ખરીદી લીધા છે. છેલ્લે આઈપીએલ-૧૦માં રોમાંચકર ફાઈનલમાં મુંબઈ ઈન્ડિયન્સે રાઈઝિંગ પુણે સામે માત્ર એક રને જીત મેળવી હતી. આની સાથે જ મુંબઈએ

● અનુસંધાન પાન-૭ પર

## સલમાન ખાનની જામીન અરજી પર આજે સુનાવણી

**સલમાનને વધુ એક રાત્રિ જોધપુર જેલમાં ગાળવી પડશે : દોઢ કલાક દલીલો**



જોધપુર,તા. ૬

બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા સલમાન ખાનને વધુ એક દિવસ સુધી જોધપુરની સેન્ટ્રલ જેલમાં જ રહેવુ પડશે. કારણ કે અભિનેતા સલમાન ખાનના વકીલ દ્વારા કરવામાં આવેલી જામીન અરજી પર આજે ફેસલો કરવામાં આવ્યો ન હતો. ચુકાદાને આજે એક દિવસ માટે ટાળી દેવામાં આવ્યો હતો. હવે આવતીકાલે શનિવારના દિવસે ૧૦.૩૦ વાગે જામીન અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવશે. સલમાનની જામીન ટાળી દેવા માટે વિરોધ પક્ષના વકીલોની સીજેએમ કોર્ટ પાસેથી રેકોર્ડ મંગાવવાની દલીલ મહત્વપૂર્ણ રહી હતી. કોર્ટે રેકોર્ડ મંગાવવાની માંગ કરીને સુનાવણી ટાળી દીધી હતી. માત્ર એક દલીલથી જામીન ટળી ગયા હતા. સલમાનના વકીલો વચ્ચે બિશ્નોઈ સમાજના વકીલે દલીલ મુકી હતી કે, સલમાનને સજા ત્રણ વર્ષથી વધારે થઈ છે જેથી આ મામલામાં સીજેએમ કોર્ટ દ્વારા રેકોર્ડ નિહાળવામાં આવે તે જરૂરી છે. જજે આ દલીલ સ્વીકારી લીધી હતી. વકીલ મહિપાલ બિશ્નોઈએ માહિતી આપતા કહ્યું હતું કે, મામલો લાંબા સમયથી ચાલી રહ્યો છે જેથી રેકોર્ડ નિહાળવામાં આવે તે જરૂરી છે.

**આંધ્રપ્રદેશને વિશેષ રાજ્યનો દરજ્જો ન મળતાં**

# વાયએસઆર કોંગ્રેસના પાંચ સાંસદોનું રાજીનામું



ન્યુ દિલ્હી,તા.૬

આંધ્ર પ્રદેશને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માંગને લઈને વાયએસઆર કોંગ્રેસના ૫ સાંસદોએ લોકસભા સ્પીકર સુમિત્રા મહાજનને રાજીનામા ધરી દીધા છે. સત્તાધારી તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) અને વિપક્ષી દળ વાયએસઆર કોંગ્રેસે આંધ્રને વિશેષ રાજ્યની માંગ આપવાને લઈને સંસદની બહાર સતત પ્રદર્શન કરી રહ્યું છે.

બન્ને પાર્ટીઓ સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ પણ આપી ચૂકી છે. શુક્રવારે બજેટ સત્રના બીજા તબક્કાના છેલ્લા દિવસે રાજ્યસભા અને લોકસભા કાર્યવાહી અનિશ્ચિત કાળ સુધી સ્થગિત થઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે, વાયએસઆર કોંગ્રેસે સોમવારે કહ્યું હતું કે, રાજ્યને વિશેષ દરજ્જો આપવામાં નહીં આવે તો તેઓ સત્રના છેલ્લા દિવસે રાજીનામું આપી દેશે.

આંધ્રને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માગણી વિશે ગુરુવારે ટીડીપી સાંસદોનેએ સદનની કાર્યવાહી શરૂ થતા પહેલાં જ ધરણાં શરૂ કરી દીધા હતા. રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત થયા પછી ટીડીપી સાંસદોએ સદનની બહાર નીકળવાની ના પાડી દીધી હતી. ત્યારે તેમને માર્શલની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા.

ધરણાં પર બેઠેલા સાંસદ અમપી થોટા સીતારામા લક્ષ્મી અને સીએમ રમેશનો મેડિકલ

● અનુસંધાન પાન-૭ પર


# બિહારના વાતાવરણમાં આવેલો પલટો વજપાત વાવાઝોડાથી આઠનાં મોત

પટણા,તા.૬

બિહારના વાતાવરણમાં એકાએક પલટો આવતાં જોરદાર આંધી સાથે આવેલા વજપાત વાવાઝોડાના કારણે રાજ્યના વિવિધ વિસ્તારમાં કુલ આઠ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે આંધીના કારણે અનેક જગ્યાએ ઝાડ પડી ગયાં છે તેમજ કેટલાંક મકાનને નુકસાન થયું છે. આ ઉપરાંત હાઈટેન્શનનો તાર તૂટી જતાં વીજ પુરવઠો પણ ખોરવાઈ જતાં અનેક જગ્યાએ અંધારપટ છવાઈ ગયો છે, જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

બિહારના સમસ્તીપુર જિલ્લાના વિભૂતિપુર પ્રખંડના મુસ્તફાપુર વોર્ડ- ૪ ખાતેની પ્રાથમિક શાળાનું મકાન પડી જતાં તેમાં કેટલાંક બાળકો દબાયાં હોવાની આશંકા છે, જેમાં એક વિદ્યાર્થિનીનો પગ ભાંગી ગયો હતો તેમજ કેટલાક અન્ય વિદ્યાર્થીને ઈજા થઈ હતી. આ દરમિયાન આવેલા વજપાત વાવાઝોડાના કારણે અરરિયામાં ત્રણ, મધેપુરામાં બે અને મુંગેર-કટિહાર તથા પૂર્ણિયામાં એક-એક વ્યક્તિનાં એમ કુલ આઠ લોકોનાં મોત થયાં છે.

હવામાન વિભાગની આગાહી છે કે ભાગલપુરમાં આજથી ત્રણ દિવસ, ફારબિસગંજમાં ૧૦ એપ્રિલ સુધી તેમજ મધુબની અને મોતીહારીમાં ૧૧ એપ્રિલ સુધી હવામાન ખરાબ રહેવાની સંભાવના છે, જ્યારે નાલંદામાં કાલે અને રવિવારે ગાજવીજ સાથે વરસાદ પડવાની તેમજ છપરા અને મુઝફ્ફરપુરમાં ૧૦ એપ્રિલ સુધીમાં આંધી અથવા વરસાદ પડવાની સંભાવના છે.




# મોદીની આંધીના પગલે સાપ, નોળિયા, બિલાડી, કુતરા એક થયા : અમીત શાહ

**મોદીના નેતૃત્વમાં ભાજપ પ્રચંડ બહુમતિ સાથે વિજયી થશે : લોકસભા ચૂંટણી માટે કાઉન્ટડાઉન શરૂ : ભાજપ સ્થાપના દિવસે અમિત શાહનું આક્રમક સંબોધન**

નવીદિલ્હી, તા. ૬

ભાજપની ૩૮મી સ્થાપના દિવસના પ્રસંગે આજે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં



આવ્યું હતું. દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં ભાજપ પ્રમુખ અમિત શાહે હાજરી આપી હતી. અમિત શાહે આપ્રસંગે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે કાઉન્ટડાઉનની શરૂઆત થઈ ચુકી છે. અમિત શાહે આ પ્રસંગે આક્રમક સંબોધન કર્યું હતું. અમિત શાહે વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, ૨૦૧૯ની ચૂંટણી માટે અત્યારથી જ કામ કરવાની જરૂર છે. કામમાં લાગી જવા અમિત શાહે તમામને અપીલ કરી હતી.

વડાપ્રધાન મોદીની લોકપ્રિયતાની સરખામણી પુર સાથે કરતા તેમણે કહ્યું હતું કે, તેમની સામે તમામ વૃક્ષો ધરાશાયી થઈ ચુક્યા છે. વિપક્ષની એકતાના પ્રયાસો પર પ્રહાર કરતા કહ્યું હતું કે, સમગ્ર વિપક્ષ એક સાથે આવવાની વાત કરે છે પરંતુ જ્યારે પુર આવે છે ત્યારે તમામ વૃક્ષ તુટી પડે છે. માત્ર એક જ વૃક્ષ બચી જાય છે. જેમાં સાંપ, બિલાડી, કુતરા, નોળિયો ચઢી જાય છે. આવી જ રીતે મોદીની આંધીમાં તમામ સાથે આવી ગયા છે. શાહે કહ્યું હતું કે, મોદી દુનિયાના સૌથી લોકપ્રિય નેતા તરીકેના એક છે. તમામ લોકોને ઘેર ઘેર જઈ તૈયારીમાં લાગી જવા અમિત શાહે આહવાન કર્યું હતું. શાહે એમ પણ કહ્યું હતું કે, ભાજપ ૧૧ કરોડ કાર્યકર્તાઓની સાથે સૌથી મોટી પાર્ટી છે. સંસદમાં જવાબ ન આપવાના કોંગ્રેસી નેતા ગુલામ નબી આઝાતના આક્ષેપના જવાબમાં શાહે કહ્યું હતું કે, સંસદને ખોરવી નાંખવાના સંદર્ભમાં ગુલામ નબી આઝાદ કહે છે કે સરકાર જવાબ આપવા ઈચ્છુક નથી પરંતુ કોંગ્રેસે રમખાણો સર્જીને કામગીરી ચાલવા

● અનુસંધાન પાન-૭ પર

# બ્રિટન આગ સાથે રમી રહ્યું છે, ગમે તે ક્ષણે યુદ્ધ થઈ શકે : રશિયા

મૉસ્કો,તા.૬

બ્રિટનના સેલ્સબરીમાં ભૂતપૂર્વ રશિયન જાસૂસ સર્ગેઇ સ્ક્રિપલને ઝેર આપવાની ઘટના બાદ રશિયા અને પશ્ચિમના અન્ય દેશો વચ્ચે શરૂ થયેલું શીતયુદ્ધ અટકવાનું નામ નથી લઈ રહ્યું. આ મામલે હવે નવો વળાંક આવ્યો છે. ન્યૂયોર્કમાં યુએન સિક્યોરિટી કાઉન્સિલની પરિષદની એક બેઠકમાં રશિયાએ બ્રિટન સામે

● અનુસંધાન પાન-૭ પર







